ક્રમાંક: ગુજકા/વ્યવસાય વેરો/૧૫-૧૬/જા.૧૬૯

વાણિજ્યિક વેરા કમિશનરની કચેરી,
(કાયદાશાખા)
ગુજરાત રાજય,
એ/૫, રાજય કર ભવન,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખ : ૮ / ૬ / ૨૦૧૫

ગુજરાત વાણિજ્યિક વેરા
Gujarat Commercial Tax

# ખાતાકીય પરિપત્ર

વિષય:વ્યવસાય વેરા કાયદા હેઠળ નવા રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ તથા એનરોલમેન્ટ સર્ટિફિકેટ આપવા બાબત

ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ નોટીફાઇડ એરીયામાં અનુસૂચિ-૧ ની નોંધ-૧ હેઠળના તમામ વર્ગોના કિસ્સામાં રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ તથા એનરોલમેન્ટ સર્ટિફિકેટ તથા સમગ્ર રાજયમાં અનુસૂચિ-૧ ની નોંધ-૧(ક) હેઠળના તમામ વર્ગોના કિસ્સામાં રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ વાણિજ્યિક વેરા ખાતા દ્વારા આપવાના થાય છે. તે માટે ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા નિયમો, ૧૯૭૭ ના નિયમ-૩ હેઠળ અરજદાર દ્વારા સંપૂર્ણ વિગતો અને જરૂરી પુરાવાઓ સાથે અરજી કરવામાં આવે છે. જેની ચકાસણી અને ખરાઇ બાદ સબંધિત અધિકારી દ્વારા રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ અથવા એનરોલમેન્ટ સર્ટિફિકેટ આપવામાં આવે છે.

રાજયના વેપારી વર્ગની સરળતા માટે તેમજ રજીસ્ટ્રેશન તથા એનરોલમેન્ટ પ્રક્રિયા વધુ પારદર્શી બને તે માટે રજીસ્ટ્રેશન અને એનરોલમેન્ટ

માટેના નિયમ-૩ અને નિયમ-૪ હેઠળની તમામ જરૂરીયાતોના સબંધમાં અરજી સંપૂર્ણ (અરજી સાથે મળેલ જરૂરી પુરાવાઓની ખરાઇ સહિત) જણાયેથી કામકાજના ૨૪ કલાકની અંદર રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર અથવા એનરોલમેન્ટ પ્રમાણપત્ર ઇસ્યુ કરવાના રહેશે.

આ પરિપત્રની સબંધિત સર્વે અધિકારીઓએ નોંધ લઇ આપેલ સૂચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સહી/-
(પી.ડી.વાઘેલા)
વાણિજ્યિક વેરા કમિશનર
ગુજરાત રાજય, અમદાવાદ

**નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)**

૧. નાયબ સચિવશ્રી (કર) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, અમદાવાદને
૩. ખાસ વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, અમદાવાદને
૪. અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી, અમદાવાદને
૫. સઘળા અધિક / સંયુકત વાણિજ્યિક વેરા કમિશનરશ્રી તરફ
૬. સઘળા નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રી તરફ
૭. સઘળી વાણિજ્યિક વેરા કચેરી તરફ
૮. દસ નકલ મહામાત્ર તાલીમ શાળાને
૯. દસ નકલ દફતર શાખાને
૧૦. દસ નકલ જન સંપર્ક શાખાને
૧૧.આ કચેરીની સઘળી શાખાઓને
૧૨.એકાઉન્ટ જનરલ અમદાવાદ તરફ

( એચ.ડી.રૂપારેલ )
સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ

# Professional Tax Flow

## Registration :- There are two types of Registration

- **E.C. : Enrollment Certificate** -Every person liable to pay tax under this Act (other than a person earning salary or wages, in respect of whom the tax is payable he his employer ) shall obtain a certificate of enrolment from the prescribed authority in the priscribed manner.
- **R.C. : Registration Certificate** -Every employer not being an officer of Government liable to pay tax under Section-4 shall obtain a certificate of registration from the prescribed authority in the prescribed manner.

**Liability :-**All registered partnership firms.- All Registered patnership Firms, all factory owners, all shops or establishment owners ( if the shop has employed on an average five employees per day during the year), all businesses covered under the definition of 'dealer' defined in the Gujarat Value Added Tax Act, 2003 whose annual turnover is more than rs. 2.50 lakhs, all transport permit holders, money lenders, petrol pump owners, all limited companyes, all banks,all district or state level co-operative societies,estate agents,brokers,building contractors,viedo parlors, viedo libraries,members of associations registered under Forward Contract Act, members of stock exchange, other professional, like legal consultants,solicitors,doctors,insurance agents, etc. (for complete details,please see Entries 2 to 10 of Schedule 1 ) are liable to pay tax.

## Forms :- For Application

- Form : 1 - Application For R.C. - PTO give Certificate in Form-2
- Form: 3 - Application for E.C. - PTO give Certificate in Form-4

## Which Authority :-

- Concern Professional Tax Officer within 60 days of liability

**Return:**A monthly return in form no-5 is to be filled latest by 15th of next month. If the No. of employees is more than 20.

## Payment:-

- :- Employee himself is not required to pay this tax to the Designated Authority. It is his Employer who is required to deduct an amount equivalent to the employee's tax liability from the monthly salary of the employee and pay the same in the Government Treasury in Form-10.
  - R.C. holder also pay fixed amount as per law in Govt. Treasury in Form:- 10.

Now Enrolment Certificate and Registration Certificate download by applicant online through our Web-Portal